નબી નમાઝમાં બંને સિજદા વચ્ચે આ દુઆ પઢતા હતા : «"અલ્લાહુમ્મગ્ ફિર્લી , વર્ હમ્ની , વઆફિની, વહ્દિની , વર્ ઝુક્ની " (અર્થ : હે અલ્લાહ ! તું મને માફ કરી દે , મારા પર રહેમ કર , મને આફિયત આપ, મને માર્ગદર્શન આપ અને મને રોજી આપ)

અબ્દુલ્લાહ બિન અબ્બાસ રઝી અલ્લાહુ અન્હુમા રિવાયત કરે છે , તેઓ કહે છે : નબી નમાઝમાં બંને સિજદા વચ્ચે આ દુઆ પઢતા હતા : «"અલ્લાહુમ્મગ્ ફિર્લી , વર્ હમ્ની , વઆફિની, વહ્દિની , વર્ ઝુક્ની " (અર્થ : હે અલ્લાહ ! તું મને માફ કરી દે , મારા પર રહેમ કર , મને આફિયત આપ, મને માર્ગદર્શન આપ અને મને રોજી આપ)».

[હસન બિશવાહિદીહી] [આ હદીષને ઈમામ અબૂ દાવૂદ રહિમહુલ્લાહ અને ઈમામ તિર્મિઝિ રહિમહુલ્લાહ અને ઈમામ ઈબ્ને માજહ રહિમહુલ્લાએ રિવાયત કરી છે અને ઈમામ અહમદ રહિમહુલ્લાહએ પણ રિવાયત કરી છે]

નબી નમાઝમાં બંને સિજદા વચ્ચે પાંચ વસ્તુઓની દુઆ માંગતા હતા , જેની એક મુસલમાનને ખૂબ જ જરૂર છે , અને જેમાં દુનિયા ને આખિરતની ભલાઈઓ છે , નબી ગુનાહ પર પડદો નાખવા અને તેણી માફી માંગવા , પોતાના માટે રહેમતની પ્રાપ્તિ તથા ખરાબ શંકાઓ અને મનેચ્છાઓ અને બીમારીઓ અને મોટી મોરી મહામારીઓથી બચવા , સત્યના માર્ગ પર ચાલવા અને તેના પર કાયમ રહેવા , રોજી , ઈમાન, ઇલ્મ , નેક અમલ અને હલાલ અને પવિત્ર માલની પ્રાપ્તિની દુઆ કરતાં હતા .

http://sunnah.global/hadeeth/gu/show/10930